

શ્રી નરેન્દ્ર મોદી

માનનીય વડાપ્રધાન



## ભારતીય રેલ

# ગુજરાતના વિકાસ એન્જિનને આપે છે વેગ

## ગતિમાન વિકાસ અને ઝડપી પ્રગતિની ઉજવણી

૨૦૧૪ - માર્ચ ૨૦૨૪



# ગુજરાતની પ્રગતિ સાથે નિરંતર આગળ વધી રહ્યા છીએ
















# દેશને ગતિ રેલ થી,
# અને પ્રગતિ પણ રેલ થી



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન




## પરિયોજના નું સંક્ષિપ્ત વિવરણ

| યોજનાની શિર્ષક | કુલ પરિયોજના (સં.) | લંબાઈ (કિમી) | કુલ ખર્ચ (₹) |
|---|---|---|---|
| નવીનું લાઈન | ૭ | ૧૪૧ | ₹ ૧૪૫૫ કરોડ |
| ડબલિંગ, ૩ જી અને ૪ થી લાઈન | ૧૦ | ૭૬૬ | ₹ ૮૩૮૧ કરોડ |
| ગેજ રૂપાંતરણ | ૧૨ | ૭૨૯ | ₹ ૬૨૦૯ કરોડ |
| વિદ્યુતીકરણ | ૩૦ | ૪૨૬૫ ટ્રૅક કિમી | ₹ ૪૭૫૩ કરોડ |

## ગુજરાત માટે બજેટ ખર્ચમાં વધારો

| સરેરાશ વાર્ષિક બજેટ ખર્ચ | | |
|---|---|---|
| ૨૦૦૯ – ૧૪ | ૨૦૧૪ – ૨૫ | % વૃદ્ધિ |
| ₹ ૫૮૯ કરોડ | ₹ ૪,૬૯૬ કરોડ | ૬૯૭% |




## નાણાકીય વર્ષ ૨૦૨૪ –૨૫ ના બજેટ ની વિશિષ્ટતાઓ

- કુલ ખર્ચ ₹ ૮૫૮૭ કરોડ જે ૨૦૦૯–૧૪ દરમ્યાન સરેરાશ વાર્ષિક ખર્ચ કરતાં ૧૩૫૮% વધુ છે

# ગુજરાતની પ્રગતિ સાથે નિરંતર આગળ વધી રહ્યા છીએ

## નવી લાઈન પરિયોજનાઓ

| ૨૦૦૪ – ૨૦૧૪ | ૨૦૧૪ – ૨૦૨૪ |
|---|---|
| ૨૦ કિમી | ૧૪૧ કિમી |

૬૮૩% સરેરાશ વાર્ષિક વૃદ્ધિ

### નવી લાઈન પરિયોજનાઓ પૂર્ણ: ૧૪૧ કિમી

- પાટણ – ભીલડી
- છોટા ઉદેપુર – જોબટ (ગુજરાતમાં ૨૭ કિમી)
- ટુના પોર્ટ કનેક્ટિવ્હીટી
- ચાંદોદ – એકતા નગર
- દાહોદ – કટવારા
- વિન્ડમીલ – બેડી પોર્ટ

### નવી લાઈન પરિયોજનાઓ પ્રગતીમાં


- ભીમનાથ – ધોલેરા
- દાહોદ – ઈન્દોર (ગુજરાતમાં ૨૩ કિમી)
- સોમનાથ – કોડીનાર
- મોડાસા – શામળાજી
- નલિયા – જખૌ પોર્ટ
- તારંગા હિલ – આબુ રોડ વાયા અંબાજી
- નલિયા – વાયોર
- ગેરતપુર–સાણંદ અને બોટાદ–અમદાવાદ વચ્ચે ઈંટરસેક્શન લાઈન્સ (૫ સં.).
- જોબત – ધાર



ચાંદોદ – એકતા નગર ખંડ પર ઓરસંગ બ્રિજ પર ટ્રેન દોડી રહી છે

# ડબલિંગ, ૩ જી અને ૪ થી લાઇન પરિયોજનાઓ

## ડબલિંગ રેલવે લાઇન કાર્ય ની ઝડપી મોનીટરીંગ




## પરિયોજનાઓ પૂર્ણઃ ૭૬૬ કિમી

- રાજકોટ – સુરેન્દ્રનગર
- ઉધના – ઉકાઈ સોનગઢ – જલગાંવ
- વિરમગામ – સામાખ્યાલી
- પાલનપુર – સામાખ્યાલી
- વટવા – અમદાવાદ ૩ જી લાઈન
- ઉધના – સુરત ૩ જી લાઈન
- પાલનપુર – શ્રી અમીરગઢ – આબૂ રોડ
- મહેસાણા – ભાંડુ મોટીદાઉ
- વિરમગામ – સુરેન્દ્રનગર
- આણંદ – ઓડ
- પાલનપુર – ધારેવાડા



આણંદ – ગોધરા ડબલિંગ પરિયોજનાનું આણંદ – ઓડ ખંડ

## પ્રકલ્પો પ્રગતિ પર

- રાજકોટ – કાનાલુસ ડબલિંગ
- આણંદ – ગોધરા ડબલિંગ
- મહેસાણા – પાલનપુર ડબલિંગ
- ભટિંડા – ભીલડી ડબલિંગ
- બારેજડી નંદેજ (ગેરતપુર) – સાણંદ ચોથી લાઈન (અમદાવાદ બાયપાસ)
- ગાંધીધામ – આદિપુર ચૌપદરીકરણ
- સામાખ્યાલી – ગાંધીધામ ચૌપદરીકરણ
- સાબરમતી ‘A’ અને અસારવા વચ્ચે ‘Y’ કનેક્ટિવિટી
- વિશ્વામિત્રી – ડભોઈ ડબલિંગ

## ગેજ રૂપાંતરણ પ્રકલ્પો

### પૂર્ણ થઇ ગયેલા ગેજ રૂપાંતરણ પ્રકલ્પો પૂર્ણઃ ૭૨૯ કિમી

- અમદાવાદ – બોટાદ
- અમદાવાદ – હિમ્મતનગર – ઉદયપુર
- અમદાવાદ – સાબરમતી – મહેસાણા
- ન્યુ ભુજ – દેશલપુર
- મહેસાણા – વડનગર – વરેઠા
- ડભોઈ – ચાંદોદ
- ઢસા – જેતલસર
- મિયાગમ કરજણ – ડભોઈ
- કટોસન રોડ – બેચરાજી
- કટોસન રોડ – અણખોલ (એન્જિન રન)
- દેશલપુર – નલિયા (એન્જિન રન)
- બેચરાજી – ચાણસ્મા – રણુજ (એન્જિન રન)

### ગેજ રૂપાંતરણ પ્રકલ્પો પ્રગતિ પર

- કલોલ – અણખોલ
- ડભોઈ – સમલાયા
- આદરજ મોટી – વિજાપુર
- વિજાપુર – આંબલિયાસન
- જૂનાગઢ – વીસાવદર
- મિયાગામ કરજન – ચોરંદા – માલસર
- સમની – જંબુસર
- સમલાયા–ટીંબા રોડ
- નડિયાદ – પેટલાદ
- પેટલાદ – ભાદરણ
- હિમ્મતનગર – ખેડ બ્રહ્મા
- કોસંબા – ઉમરપાડા
- જંબુસર – કાવી
- ચોરંદા – મોટી કોરલ
- ખીજડીયા – અમરેલી



અમદાવાદ – મહેસાણા ગેજ રૂપાંતરિત વિભાગ

# પ્રમુખ વિદ્યુતીકરણ કાર્ય

## વિદ્યુતીકરણ કાર્ય પૂર્ણ


ટ્રૅક કિલોમીટર (TKM)

૨૨૫ TKMs



૨૦૦૪ – ૨૦૧૪

૪૭૫૭ TKMs



૨૦૧૪ – ૨૦૨૪

ગુજરાતના બ્રોડગેજ નેટવર્ક પર ૯૫% થી વધુ વિદ્યુતીકરણ કાર્ય પૂર્ણ થયું છે

૨૦૧૪% સરેરાશ વાર્ષિક વૃદ્ધિ

## પૂર્ણ થયેલ પ્રકલ્પો

- અમદાવાદ – પાલનપુર
- અમદાવાદ – વિરમગામ – સુરેન્દ્રનગર – રાજકોટ
- કાનાલુસ – સિક્કા સાથે રાજકોટ – ઓખા
- મહેસાણા – વિરમગામ – ધ્રાંગંધ્રા – સામાખ્યાલી
- કાંડલા પોર્ટ – મુન્દ્રા પોર્ટની સાથે સામાખ્યાલી – ગાંધીધામ – આદિપુર
- આદિપુર – ન્યૂ ભુજ
- પાલનપુર – સામાખ્યાલી
- સુરેન્દ્રનગર – ધ્રાંગધ્રા
- વાંકાનેર – દહિંસરા – માલિયા મિયાણા
- સિહોર – ભાવનગર સાથે ધોળા – સિહોર – પાલિતાણા
- રાજુલા – મહુવા
- ઝુન્ડ – ખારાઘોડા
- મહેસાણા – પાટણ – ભીલડી
- રાજકોટ – ગોંડલ – જેતલસર – વેરાવળ
- નડિયાદ – મોડાસા
- કાનાલુસ – વાંસજાળિયા – પોરબંદર
- સુરેન્દ્રનગર – પીપાવાવ પોર્ટ
- મહેસાણા – વરેઠા
- ઢસા – જેતલસર
- વિશ્વામિત્રી – ડભોઈ – એકતાનગર
- આણંદ – ખંભાત
- અમદાવાદ – મહેસાણા

## પ્રકલ્પો પ્રગતિ પર

- અસારવા – હિંમતનગર
- ભીમનાથ – મોરૈયા

## પ્રમુખ વિદ્યુતીકરણ કાર્ય

- માનનીય વડાપ્રધાન દ્વારા ૧૬ જુલાઈ, ૨૦૨૧ના રોજ સુરેન્દ્રનગર – પીપાવાવ વિદ્યુતીકૃત વિભાગ (૨૬૪ RKM) રાષ્ટ્રને સમર્પિત
- ડભોઈ – બોડેલી અને આણંદ – ખંભાત ખંડનું વિદ્યુતીકરણ કાર્ય મંજૂરીની તારીખથી માત્ર સાત મહિનામાં પૂર્ણ થયું
- સુરેન્દ્રનગર – બોટાદ– ધોળા (૧૫૦ RKMs)નો સૌથી લાંબા ખંડ ની શુરુઆત
- ભારતીય રેલ્વેએ સૌથી વધુ OHE સાથે વિદ્યુતીકૃત ખંડ પર ડબલ સ્ટેક કન્ટેનર ચલાવવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ટ્રેનની પ્રથમ સફર ગુજરાતમાં પાલનપુર અને બોટાદ વચ્ચે ચલાવવામાં આવી હતી



ડભોઈ – બોડેલી RE



ચંડીસર – ભીલાડ ખંડ

## લેવલ ક્રોસિંગ્સ દૂર કરાયા

- ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ સુધી બ્રોડ ગેજ પરના તમામ માનવરહિત સમપાર ફાટકોને દૂર કર્યા


| ક્રમ સં | કાર્યની વિગતો | અવધિ (૨૦૧૪– ૨૦૨૪) |
|---|---|---|
| ૧ | રોડ ઓવર બ્રીજ બંધાયા | ૧૬૫ |
| ૨ | રોડ અંડર બ્રીજ / મર્યાદીત ઉંચાઈના સબવેઝ બંધાયા | ૭૭૯ |
| ૩ | રેલ સમપાર ફાટક / માનવરહિત રેલ સમપાર બંધ કરાયા | ૧૨૬૪ |
| ૪ | રેલ સમપાર ફાટક બંધ કરાયા | ૬૧૪ |



માનવસહિત સમપાર ગેટ


રોડ અન્ડર બ્રિજ (RUB)


રોડ ઓવર બ્રિજ (ROB)

## રોડ ઓવર બ્રિજ (ROBs)/રોડ અન્ડર બ્રિજ (RUBs) ના નિર્માણમાં વૃધ્ધી



# વંદે ભારત એક્સપ્રેસઃ ભારતનું ગૌરવ

## ગાંધીનગર – મુંબઈ વંદે ભારત એક્સપ્રેસ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ મહારાષ્ટ્ર અને ગુજરાતની રાજધાનીઓને જોડતી ભારતની ત્રીજી અને પશ્ચિમ રેલ્વેની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવીને રવાના કરી. ગુજરાત રાજ્યમાં અમદાવાદ – ઓખા તથા અમદાવાદ (સાબરમતી) – જોધપુર વચ્ચે વધુ બે વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવામાં આવી હતી. ૧૨મી માર્ચ, ૨૦૨૪ ના રોજ અમદાવાદ અને મુંબઈ વચ્ચે કેસરી પરિવેશ સહિતની અન્ય વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવામાં આવી હતી.




આ ટ્રેન મુસાફરોને વિશ્વ-સ્તરીય મુસાફરીનો અનુભવ અને અદ્યતન સુરક્ષા સુવિધાઓ પૂરી પાડે છે, જેમાં સ્વદેશી રીતે વિકસિત ટ્રેન કોલિઝન ટાળવાની પ્રણાલી (કવચ) નો સમાવેશ થાય છે.
આ ટ્રેનને પાવર કારોથી છુટકારો અપાવીને અને અદ્યતન રિજનરેટિવ બ્રેકિંગ સિસ્ટમ સાથે લગભગ 30% વીજળીની બચત કરીને ભારતીય રેલ્વેના ગ્રીન ફૂટપ્રિન્ટને વધારવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.






તે મુસાફરોને ઉન્નત આરામ અને સગવડ આપે છે અને દિવ્યાંગજનો માટે વિશેષ સુવિધાઓ પણ આપે છે.

## ગુજરાતમાં ચાલી રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો

| | |
|---|---|
| ગાંધીનગર કેપીટલ ⇌ મુંબઈ સેન્ટ્રલ | અમદાવાદ ⇌ મુંબઈ સેન્ટ્રલ |
| અમદાવાદ ⇌ ઓખા | અમદાવાદ (સાબરમતી) ⇌ જોધપુર |

## રેલવે સ્ટેશનોનું અમૃત સ્ટેશનો તરીકે રૂપાંતરણ

- ભારતીય રેલવેએ દેશભરમાં મુખ્ય સ્ટેશનોને **"નયે ભારત કા નયા સ્ટેશન"** તરીકે રૂપાંતરણ કરવાની મહત્વાકાંક્ષી યોજના તૈયાર કરી છે.
- રેલવે સ્ટેશનોના સ્વરૂપનું રૂપાંતરણ કરવાના આ પ્રયત્નમાં, ભારતીય રેલવેએ એક સ્વપ્નશીલ નીતિ **"અમૃત ભારત સ્ટેશન"** યોજનાનું અનાવરણ કર્યું છે.
- આ યોજનાનું લક્ષ્ય રેલવે સ્ટેશનોની આધારરૂપ વ્યવસ્થા, સુવિધાઓ અને સગવડો વધારીને તેમજ યાત્રીઓને સલામત, આરામદાયક અને નૈસર્ગિક પ્રવાસ અનુભવ પ્રદાન કરાવીને તેમને **"અમૃત સ્ટેશન"** તરીકે વિકસીત કરવાનું છે.
- સમગ્ર પશ્ચિમ રેલવેમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૧૨૨ રેલવે સ્ટેશનોને અપગ્રેડેશન અને આધુનિકીકરણ માટે ચિહિત કરવામાં આવ્યા છે, જેમાંથી ૮૯ સ્ટેશનો ગુજરાતમાં છે.
- માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતમાં ૬૭ સ્ટેશનોના પુનઃવિકાસ માટે શિલાન્યાસ કરવામાં આવ્યું છે. આ સ્ટેશનો આધુનિક યાત્રી સુવિધાઓનું ગૌરવ અપાવતા ક્ષેત્રના શહેરી કેન્દ્રો તરીકે ઉભરી આવશે.

## ગુજરાતમાં રૂપાંતરિત થનારા સ્ટેશનો

❖ ઉમરગામ ❖ સંજાણ ❖ વાપી ❖ બીલીમોરા જં. ❖ સચીન ❖ ભેસ્તાન ❖ બારડોલી ❖ બીલીમોરા(NG) ❖ મીયાગામ કરજણ ❖ અંકલેશ્વર ❖ ભરૂચ ❖ ડેરોલ ❖ કીમ ❖ કોસંબા જં. ❖ મહેમદાવાદ ખેડા રોડ ❖ ગોધરા જં. ❖ વિશ્વામિત્રી જં. ❖ પ્રતાપનગર ❖ ડભોઈ જં. ❖ ડાકોર ❖ સાયણ ❖ ઉત્રાણ ❖ કરમસદ ❖ પાલનપુર ❖ મહેસાણા ❖ મણીનગર ❖ સામાખ્યાલી ❖ વિરમગામ ❖ પાટણ ❖ સિદ્ધપુર ❖ ઊંઝા ❖ ચાંદલોડીયા ❖ ભચાઉ ❖ ધ્રાંગધ્રા ❖ કલોલ ❖ અસારવા ❖ ભીલડી ❖ વટવા ❖ હિંમતનગર ❖ દ્વારકા ❖ સુરેન્દ્રનગર ❖ ભક્તિનગર ❖ વાંકાનેર ❖ મોરબી ❖ હાપા ❖ ઓખા ❖ ખંભાળીયા ❖ થાન ❖ મીઠાપુર ❖ પડધરી ❖ ભાટીયા ❖ લખતર ❖ કાનાલૂસ જં. ❖ જામવંથલી ❖ પોરબંદર ❖ વેરાવળ ❖ બોટાદ જં. ❖ મહુવા ❖ કેશોદ ❖ સોનગઢ ❖ સાવરકુંડલા ❖ જામ જોધપુર ❖ ચોરવાડ રોડ ❖ પાલીતાણા ❖ રાજુલા જં. ❖ સિહોર જં. ❖ લીંબડી ❖ ભાણવડ ❖ ગોંડલ ❖ દાહોદ ❖ લીમખેડા ❖ દામનગર ❖ લાલપુર જામ ❖ વડોદરા ❖ ઉદવાડા ❖ નવસારી ❖ આણંદ ❖ નડિયાદ ❖ ગાંધીધામ ❖ જામનગર ❖ રાજકોટ ❖ ભાવનગર ❖ જૂનાગઢ



પ્રતાપનગર સ્ટેશન



દ્વારકા સ્ટેશન

## ઉભરતા ભારતના આધુનિક સ્ટેશનોની રચના

## કોમર્શિયલ હબ અને વર્ટિકલ ડેવલપમેન્ટ નું નિર્માણ



### સુરત રેલ્વે સ્ટેશન

- ₹ ૧૪૭૫ કરોડ ના ખર્ચે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે (તબક્કો-૧ ખર્ચ: ₹ ૯૮૦ કરોડ)
- સ્પેસિફિક સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) ની રચના - સુરત ઈન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેઈન (SITCO)
- સપ્ટેમ્બર ૨૦૨૨ માં EPC ટેન્ડર આપવામાં આવ્યું.
- GSRTC બિલ્ડીંગ, પૂર્વ તરફ રેલવે સ્ટેશન અને કોનકોર્સનું કામ પ્રગતિમાં
- પૂર્ણ થવાનો અંદાજિત સમયગાળો: ૪૮ મહિના (તબક્કો-I માટે)

### ઉધના રેલ્વે સ્ટેશન

- ₹ ૨૨૩.૬ કરોડના ખર્ચે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે
- જુલાઈ ૨૦૨૨ માં EPC કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો
- ૧૨.૦૯.૨૦૨૨ ના રોજ PMS ટેન્ડર આપવામાં આવ્યું; કાર્ય પ્રગતિમાં
- પૂર્વ બાજુ માં પરિભ્રમણ વિસ્તાર અને FOB નું કામ ચાલુ છે
- પૂર્ણ થવાનો અંદાજિત સમયગાળો: ૨૪ મહિના





### અમદાવાદ રેલ્વે સ્ટેશન

- નવું સ્ટેશન ગુજરાતની સંસ્કૃતિમાં વણી લેતા સામાન્ય માણસને અપ્રતિમ આરામ આપતા શહેરને ફરીથી વ્યાખ્યાયિત કરશે.
- ₹ ૨૩૮૪ કરોડ ખર્ચે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે.
- નવેમ્બર ૨૦૨૩ માં EPC ટેન્ડર આપવામાં આવ્યું
- પૂર્ણ થવાનો અંદાજિત સમયગાળો: ૩૬ મહિના

# ગુજરાતમાં રેલવે દ્વારા વિકાસ : ૨૦૧૪ - માર્ચ ૨૦૨૪

## સાબરમતી રેલ્વે સ્ટેશન



- સ્ટેશન ભવન ઐતિહાસિક દાંડી માર્ચના થીમ પર આધારિત છે
- ₹૩૩૪.૯૨ કરોડના ખર્ચે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે
- ઓગસ્ટ ૨૦૨૨ માં EPC ટેન્ડર આપવામાં આવ્યું
- નવેમ્બર, ૨૦૨૨માં PMS ટેન્ડર આપવામાં આવ્યું અને કામ ચાલુ છે
- મુખ્ય સ્ટેશન ભવન, એર કોનકોર્સ, નવા FOB, સ્કાયવોક અને પાર્કિંગ વિસ્તારના કાર્ય પ્રગતિ પર છે
- પૂર્ણતાનો અંદાજિત સમયગાળોઃ ૩૬ મહિના



## નવું ભુજ રેલ્વે સ્ટેશન

- અંદાજે ₹ ૨૦૨.૮૬ કરોડના ખર્ચે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે
- ઑક્ટોબર ૨૦૨૨ માં EPC ટેન્ડર આપવામાં આવ્યું
- PMS ટેન્ડર ૧૨.૧૨.૨૦૨૨ માં આપવામાં આવ્યું છે અને કાર્ય ચાલુ છે
- મુખ્ય પ્રવેશ ભવનનું કાર્ય પ્રગતિ પર છે
- પૂર્ણતાનો અંદાજિત સમયગાળોઃ ૨૪ મહિના

## સોમનાથ રેલ્વે સ્ટેશન



- શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ મંદિરની આર્કિટેક્ચરલ ડિઝાઈન પર સોમનાથ રેલવે સ્ટેશનનું પુનઃનિર્માણ કરવામાં આવી રહ્યું છે
- ₹ ૧૫૭.૪ કરોડ ના ખર્ચે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યું છે
- જુલાઈ ૨૦૨૨ માં EPC ટેન્ડર આપવામાં આવ્યું
- PMS ટેન્ડર 03.૧૨.૨૦૨૨ ના રોજ આપવામાં આવ્યું
- હાલના સ્ટેશન ભવનને તોડી પાડવાનું કામ પૂર્ણ થયું અને કાર્ય પ્રગતિ પર છે
- મુખ્ય ભવનના પાયા માટે RCC નું કાર્ય પ્રગતિ પર છે
- પૂર્ણતાનો અંદાજિત સમયગાળોઃ ૨૪ મહિના

## PM ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય



ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયને ભારતમાં પરિવહન અને લોજિસ્ટીક શિક્ષણના ક્ષેત્રમાં કેન્દ્રીય વિશ્વવિદ્યાલય તરીકે પ્રવર્તક બનવા માટે સંસદના કાયદા દ્વારા ૨૦૨૨ માં સ્થાપિત કરવામાં આવ્યું હતું. તેની પાસે બહુવિષયક અધ્યાપન, વહીવટી તાલીમ અને સંશોધન સમાવિષ્ટ ટેકનોલોજી, વ્યવસ્થાપન અને નીતિ સહિતના સમગ્ર પરિવહન ક્ષેત્ર (એટલે કે રેલવેઝ, ઉડ્ડયન, બંદરો, નૌપરિવહન, જળમાર્ગ, રસ્તાઓ, ધોરીમાર્ગો વગેરે) માટે શ્રેષ્ઠ કક્ષાના વ્યાવસાયિકોના સંસાધન સેતુના સર્જનનો અનન્ય અધ્યાદેશ છે. GSV ઉદ્યોગની જરૂરિયાતોને પહોંચી વળવા માંગ આધારિત અભ્યાસક્રમને અનુસરે છે. GSV (https://gsv.ac.in) માં અગાઉ અસ્તિત્વમાં રહેલ માન્ય વિશ્વવિદ્યાલય રાષ્ટ્રીય રેલવે અને પરિવહન સંસ્થા (NRTI) સમાવિષ્ટ છે.

21મી સદી માટે ઉદ્યોગ-આધારિત અને નવીનીકરણ-આગેવાનીની યુનિવર્સિટી બનવાના ઉદ્દેશ્ય સાથે, GSV ઉદ્યોગની જરૂરિયાતોને પહોંચી વળવા માંગ-આધારિત અભ્યાસક્રમને અનુસરે છે અને GSV ના વિદ્યાર્થીઓ પરિવહન સંબંધિત ઉદ્યોગોમાં નોંધપાત્ર યોગદાન આપવા માટે તેમજ ભારતીય રેલવેની કેન્દ્રીયકૃત તાલીમ સંસ્થાઓની માળખાગત સ્થિતિનો લાભ ઉઠાવીને આધુનિક ટેકનોલોજી દ્વારા સુવિધાયુક્ત આંતરશાખાકીય શિક્ષણશાસ્ત્રના અભિગમ દ્વારા, ઉચ્ચ-ગુણવત્તાયુક્ત ફેકલ્ટી સહિતના વૈશ્વિક એક્સપોઝર દ્વારા વૈશ્વિક આર્થિક વ્યવસ્થાની વધતી જતી માંગને નિર્ણાયક રીતે પૂરી કરવાની અનન્ય લાયકાત ધરાવતા હશે.

- પરિવહન અને લોજિસ્ટિક્સ સેક્ટર માટે વિશેષતા સાથે બહુવિષયક ટેકનિકલ અને સંચાલન અભ્યાસક્રમ
- ૨૧મી સદીના કૌશલ્યોનો સમાવિષ્ટ છેઃ સંચાર, વિવેચનાત્મક અને સર્જનાત્મક વિચાર, અને સહયોગ
- આંતરરાષ્ટ્રીય અનુભવ સાથે અત્યંત અનુભવી ઈન–હાઉસ અને વિઝિટિંગ ફેકલ્ટી
- વૈશ્વિક શૈક્ષણિક અને ઉદ્યોગ ભાગીદારી
- અદ્યતન ગ્રીન કેમ્પસ (વર્તમાન અને આગામી)

## પ્રદાન કરેલા અભ્યાસક્રમો

**ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય નિયમીત વિદ્યાર્થીઓ તેમજ કાર્યરત વ્યાવસાયિકો બંને માટે શૈક્ષિણક પ્રોગ્રામ્સ પ્રસ્તુત કરે છે :**

### B.Tech પ્રોગ્રામ (૪ વર્ષ) – પ્રવેશ JEE (મેઈન્સ) અને JOSSA ના માધ્યમ થી પ્રવેશ

- સિવિલ એન્જિનિયરીંગમાં B.Tech : (વિશેષજ્ઞતા : રેલવે એન્જિનિયરીંગ)
- ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરીંગમાં B.Tech : (વિશેષજ્ઞતા : રેલવે એન્જિનિયરીંગ)
- મિકેનિકલ એન્જિનિયરીંગમાં B.Tech : (વિશેષજ્ઞતા : રેલવે એન્જિનિયરીંગ)
- ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગમાં B.Tech : (વિશેષજ્ઞતા : રેલવે એન્જિનિયરીંગ)
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડેટા સાયન્સમાં B.Tech : (વિશેષજ્ઞતા : ટ્રાન્સપોર્ટેશન અને લોજિસ્ટીક)
- ઉડ્ડયનમાં B.Tech

### MBA પ્રોગ્રામ્સ (નિયમિત વિદ્યાર્થીઓ માટે)

- MBA (લોજિસ્ટીક અને સપ્લાય ચેઈન મેનેજમેન્ટ)
- MBA (પોર્ટ્સ અને શીપીંગ લોજિસ્ટીક્સ)

### MBA પ્રોગ્રામ્સ (વિશેષરૂપે કાર્યરત વ્યાવસાયિકો માટે)

- MBA (લોજિસ્ટીક અને સપ્લાય ચેઈન મેનેજમેન્ટ)
- MBA (મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટેશન)
- MBA (મેટ્રો રેલવે મેનેજમેન્ટ)

### M.Tech પ્રોગ્રામ્સ (વિશેષરૂપે કાર્યરત વ્યાવસાયિકો માટે)

- M.Tech (ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ્સ)
- M.Tech (રેલવે એન્જિનિયરીંગ)

### એન્જિનિયરીંગ અને મેનેજમેન્ટ, બંનેમાં કાર્યરત વ્યાવસાયિકો માટે PhD પ્રોગ્રામ્સ

**કાર્યવાહક તાલીમ : GSV ક્ષેત્રમાંના સેવારત અધિકારીઓ અને વ્યાવસાયિકો માટે ટૂંકી મુદતના તાલીમી કાર્યક્રમો ચલાવે છે :**

- IRMS અધિકારીઓ માટે ૪ અઠવાડિયાનું મેનેજમેન્ટ મોડ્યુલ નું આયોજન
- ભારતીય રેલવેના અધિકારીઓ માટે "રેલવે ગ્રાઈન્ડીંગ ટેકનોલોજી" પરના પ્રોગ્રામની ૫ બેચ નું આયોજન
- વિમાનવહન ક્ષેત્રના કાર્યરત વ્યાવસાયિકો માટે આયોજિત "સેફ્ટી મેનેજમેન્ટ" પ્રોગ્રામ ૫મી-૭મી ઓગસ્ટ ૨૦૨૪ થી યોજવામાં આવશે.

## ભાગીદારી

PM ગતિ શક્તિ યોજનાની વાસ્તવિક ભાવનાને આત્મસાત કરવા, GSV પહેલાથી સ્થાપિત નીચે જણાવેલી ભાગીદારીઓ દ્વારા પર્યાવરણ માટે સુમેળ સાધવાનું કામ કરી રહ્યું છે.

- ઉદ્યોગો : નોકીયા, પ્લાસ્સર, જેકોબ્સ, એરબસ, દિલ્હી મેટ્રો રેલવે કોર્પોરેશન, નિપ્પોન કોઈ, સિમેન્સ
- સરકારી : DPIIT, કર્મયોગી ભારત, ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ (GIDB), રેલટેલ
- વ્યાવસાયિક સંસ્થાઓ : VLSI સોસાયટી ઓફ ઈન્ડિયા, ચાર્ટર્ડ ઈન્સ્ટિટ્યુટ ઓફ લોજિસ્ટીક એન્ડ ટ્રાન્સપોર્ટ
- શૈક્ષણિક ભાગીદારી (અભિગમ જેવી સહ-વ્યવસ્થાનું સર્જન) : IIM મુંબઈ, BITS પીલાની, IIT ગાંધીનગર, IIT જોધપુર, NITTTR ભોપાલ, ઈન્ડિયન મેરીટાઈમ યુનિવર્સિટી, સેન્ટ પિટર્સબર્ગ સ્ટેટ ટ્રાન્સપોર્ટ યુનિવર્સિટી મોસ્કો સાથે

## આગળનું ભવિષ્ય...

ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય માટે (લાલબાગ ખાતે વર્તમાનના કેમ્પસમાં બાંધકામ ચાલી રહ્યું છે) ઓડિટોરીયમ, હોસ્ટેલ બ્લોક્સ, લેબ બ્લોક અને પ્રવેશ પ્લાઝા સહિત નવી શૈક્ષણિક બિલ્ડીંગ (૨૪ વર્ગખંડો, કોમ્પ્યુટર લેબ્સ, કોન્ફરન્સ રૂમ) હશે.

- કુલ બિલ્ટ અપ એરિયા (BUA) - ૧,૦૨,૬૫૫ ચો.મી.
- મંજૂર ખર્ચ – ₹ ૬૩૬ કરોડ
- પૂર્ણ થવાની લક્ષ્યાંકિત તારીખ – સપ્ટેમ્બર, ૨૦૨૬
- કાર્યક્ષમ પરિયોજના વ્યવસ્થાપન માટે BIM (બિલ્ડિંગ ઈન્ફર્મેશન મોડેલિંગ) દ્વારા પરિયોજના આયોજિત કરવામાં આવે છે
- ટકાઉ પર્યાવરણને અનુકૂળ બાંધકામ

## ભારતના લોહપુરૂષ ને રેલવેનું નમન

### સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી રેલ જોડાણ



એકતા નગર સ્ટેશન પર સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ

- સ્ટેચ્યુ ઓફ યુનિટીને બ્રૉડ ગેજ લાઈન દ્વારા વડોદરા સાથે રેલવે કનેક્ટિવિટી આપવામાં આવી છે
- સમાવિષ્ટપ્રોજેક્ટ
  - > ડભોઈ અને ચાંદોદ વચ્ચે ગેજ રૂપાંતરણ – **૧૮ કિ.મી**
  - > ચાંદોદ અને એકતા નગર વચ્ચે નવી લાઈન – **૩૨ કિમી**
  - > પ્રતાપનગર અને એકતા નગર વચ્ચે વિદ્યુતીકરણ – **૮૦ કિમી**
- ૧૭/૦૧/૨૦૨૧ ના રોજ માનનીય પ્રધાનમંત્રી દ્વારા પ્રકલ્પ નું ઉદ્દઘાટન
- એકતા નગર માટે દેશના વિવિધ ભાગોથી ૧૦ ટ્રેનો શરૂથઈ
- જમીન સંપાદન જુલાઈ, ૨૦૨૦ માં પૂર્ણ થયું હતું અને રેકોર્ડ સમયમાં પૂર્ણ કરવા માટે પ્રોજેક્ટ ને ફાસ્ટ ટ્રેક પર રાખવામાં આવ્યો હતો.
- વિસ્તૃત ચોમાસાના સમયગાળા અને કોવિડ–૧૯ જેવા અવરોધો દૂર થયા અને પ્રોજેક્ટ સમય પહેલા પૂર્ણ થયો
- ઝડપી અમલ માટે વપરાતી આધુનિક નવીન એન્જિનિયરિંગ તકનીકો અને સાધનો
- એકતા નગર સ્ટેશન શરૂઆતની જ **હરિત સ્ટેશન** ઈમારત છે – ભારતીય રેલવેમાં પ્રથમ વખત અને તેના ઉદઘાટનના દિવસથી પ્રોવિઝનલ પ્લેટિનમ રેટિંગ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે.
- સ્ટેશન બિલ્ડિંગની સામેના મેદાનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની **૧૨ ફૂટની** પ્રતિકૃતિ સ્થાપિત કરવામાં આવી છે
- એક બ્રોડગેજ LHB **વિસ્તાડોમ કોચ** અમદાવાદમાં – એકતા નગર જનશતાબ્દી એક્સપ્રેસ માં લગાડવામાં આવ્યો

એકતા નગર સ્ટેશન – હરિત સ્ટેશન ઈમારત



## નવા ભારતનું નવું રેલવે સ્ટેશન ગાંધીનગર કેપિટલ





ગાંધીનગર રેલવે સ્ટેશન ઈમારતનો આગળનો ભાગ

માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્ર મોદી**ના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારતીય રેલવે પ્રત્યેક દિવસે પરિવર્તનશીલ સિમાચિહ્નો સાથે હરણફાળ ભરી રહ્યું છે. આ દિશામાં, ગાંધીનગર કેપિટલ ખાતે વિશ્વ કક્ષાનું રેલવે સ્ટેશન વિકસીત કરવામાં આવ્યું છે. ₹ ૭૧.૫૦ કરોડના ખર્ચે ગાંધીનગર પાટનગર રેલવે સ્ટેશનનું અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. **માનનીય વડાપ્રધાન દ્વારા ૧૬મી જુલાઈ, ૨૦૨૧ ના રોજ પુનઃવિકસીત ગાંધીનગર સ્ટેશનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.**

### પુનઃવિકસિત ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનની મુખ્ય વિશેષતાઓઃ

- અલગ-અલગ પ્રવેશ અને નિકાશ
- ૧૬૩ કાર, ૪૦ ઓટો અને ૧૨૦ ટુવ્હીલર માટે પાર્કિંગની સુવિધા
- ૪૮૦ યાત્રીઓની બેઠક ક્ષમતા સાથે પ્લેટફોર્મપર પ્રતીક્ષા ક્ષેત્ર
- વિશાળ ટિકિટિંગ સુવિધા સાથે ડબલ ઊંચાઈની પ્રવેશ લોબી



- દિવ્યાંગ મૈત્રીપૂર્ણ વિશેષ ટિકિટ કાઉન્ટર, રેમ્પ્સ, લિફ્ટ્સ, સમર્પિત પાર્કિંગ જગ્યાઓ
- ૨ એસ્કેલેટર્સ, ૩ લિફ્ટ્સ અને ૨ સબવેઝ
- વાઈ-ફાઈ કનેક્ટિવિટી
- ધાર્મિક પ્રાર્થના હોલ, શિશુઓ માટે અલગ ફીડિંગ રૂમ
- ૪૦ લોકોની ક્ષમતા માટે સેન્ટ્રલાઈઝ્ડ એસી વેઈટિંગ લાઉન્જ
- વ્યાપક સ્ટેશન કોન્કોર્સ વિસ્તાર (૭૦૯૬ ચો.મી.)
- LED વૉલ ડિસ્પ્લે લાઉન્જ સાથે આર્ટ ગેલેરી
- બિલ્ડીંગને ગ્રીન બિલ્ડીંગ રેટિંગ ફીચર્સ સાથે ડીઝાઈન કરવામાં અને પૂરી પાડવામાં આવી છે
- ૧૨૦ વર્ષના આયુષ્ય માટે નાગરિક સંરચના રચાયેલ છે
- તે અત્યાધુનિક બાહ્ય આગળનો ભાગ ધરાવે છે
- ઓલ-વેધર પ્રૂફ કોલઝિપ એલ્યુમિનિયમ શીટિંગ સાથે પ્લેટફોર્મ ઉપર ૧૦૫-મીટરના અનન્ય કોલમ-મુક્ત આકર્ષક અને કર-કસર વાળી ગાળાની સ્પેસ ફ્રેમ

# ગુજરાતની પ્રગતિ સાથે નિરંતર આગળ વધી રહ્યા છીએ

## ભારતમાં સૌપ્રથમવાર બુલેટ ટ્રેન :
## અમદાવાદ – મુંબઇ હાઇ સ્પીડ રેલ કોરીડોર




અમદાવાદ–મુંબઈ હાઈ સ્પીડ રેલ બંને શહેરો વચ્ચેના પ્રવાસ ના સમયમાં આશરે ૨ કલાકનો ઘટાડો કરે છે. તે શિંકનસેન ટેક્નોલોજીનો ઉપયોગ કરશે, જે છેલ્લા ૫૦ વર્ષમાં રેકોર્ડ શૂન્ય મૃત્યુ અને ૧ મિનિટથી ઓછા વિલંબ માટે જાણીતી છે.

આ હાઈ સ્પીડ રેલ કોરિડોર શરૂઆતમાં દરેક દિશામાં દરરોજ ૧૭,૯૦૦ યાત્રિઓને સેવા આપવાનું લક્ષ્ય રાખે છે, જે પછીથી વર્ષ ૨૦૫૩ સુધીમાં દરેક દિશામાં દરરોજ ૯૨,૯૦૦ યાત્રિઓ સુધી પહોંચાડવામાં આવશે.


## ગુજરાતમાં પરિયોજનાની પ્રગતિ

- ૧૫૫ કિ.મી. નું વાયડક્ટ અને ૨૯૭ કિ.મી. નું સ્તંભ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે
- પાર, પૂર્ણા, મિંઢોળા, અંબિકા, ઔરંગા, વેંગણીયા અને મોહર જેવી સાત નદીઓ ઉપર બ્રિજ કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. નર્મદા, તાપી, મહી અને સાબરમતી જેવી અન્ય મહત્વપૂર્ણ નદીઓ પરના કામ પ્રગતિ પર છે.






- સુરત, ગુજરાતમાં NH ૫૩ પર ૭૦ મીટર્સ લાંબો અને ૬૭૩ MT વજનવાળો પ્રથમ સ્ટીલ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે.






સુરત બુલેટ ટ્રેન સ્ટેશનનું કામ પ્રગતિમાં

- ગુજરાતમાં વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, આણંદ, વડોદરા, અમદાવાદ અને સાબરમતી જેવા આઠ બુલેટ ટ્રેન સ્ટેશનોના પાયાનું કામ પૂર્ણ થયું છે. સુપરસ્ટ્રક્ચરનું બાંધકામ કાર્ય અંતિમ ચરણ માં છે.
- સુરત ડેપોનું સ્ટ્રક્ચરલ કામ પૂર્ણ થયું છે
- સાબરમતી રોલિંગ સ્ટોક ડેપોનું જમીનકામ પૂર્ણ થયું છે અને વહીવટી બિલ્ડીંગ માટેનું રેઈનફોર્સ્ડ સિમેન્ટ કોંક્રિટ (RCC) કામ પ્રગતિપર છે
- ગુજરાતમાં ટ્રેક પાથરવાનું કામ પર સારી પ્રગતિ પર છે

## જમીન સંપાદન સ્થિતિ

ગુજરાત ૧૦૦%
દાદરા નગર અને હવેલી ૧૦૦%
મહારાષ્ટ્ર ૧૦૦ %



## વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (WDFC) – રાષ્ટ્ર નિર્માણ તરફ એક પગલું




- જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ (JNPT) ને દાદરી સાથે જોડતો ૧,૫૦૬ કિમીનો ડબલ લાઈન ઈલેક્ટ્રિક ટ્રેક ભારતના પશ્ચિમ ભાગોમાં માલવાહક પરિવહન માટે સમર્પિત છે.
- વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (WDFC) ની કુલ ૫૬૫ કિમી લંબાઈમાંથી ૩૮% લંબાઈ ગુજરાત રાજ્યમાંથી પસાર થાય છે.
- ગુજરાતમાં WDFC નો સમગ્ર વિસ્તાર કાર્યરત કરવામાં આવ્યો છે અને તે સંપૂર્ણપણે કાર્યક્ષમ છે
- તે ગુજરાતના ૧૨ જિલ્લાઓમાંથી પસાર થાય છે, જેમ કે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ.
- ૧૦૨ કિ.મી. (મહારાષ્ટ્રમાં વૈતરણા થી JNPT સુધી)ના સિવાય ૧૪૦૪ કિ.મી. (૯૩.૨%) નું WDFC પૂર્ણ કરવામાં આવ્યું છે
- ૬૫ રોડ ઓવર બ્રિજેસ (ROBs) અને ૭૧ રોડ અન્ડર બ્રિજેસ (RUBs) પૂર્ણ થયા છે
- તમામ ૧૭ રેલ ફ્લાયઓવર્સ (RFOs) પણ પૂર્ણ થયા છે



ઓપરેઈન્ કંટ્રોલ સેન્ટર (OCC અમદાવાદ),
WDFC નું નિયંત્રણ કેન્દ્ર

- આ પરિયોજનામાં ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ (GCT) નીતિ હેઠળ ખાનગી ફ્રેટ ટર્મિનલ (PFTs), મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ પાર્ક્સ (MMLPs), કાર્ગો ટર્મિનલ અને ગુડ્સ શેડનો સમાવેશ થાય છે.
- ગુજરાતમાં ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર ઘણા ફીડર માર્ગો ધરાવે છે, જેમાં પીપાવાવ – સુરેન્દ્રનગર – વિરમગામ – મહેસાણા (૩૯૫ કિમી), કંડલા પોર્ટ – ગાંધીધામ – પાલનપુર (૩૧૨ કિમી), મુન્દ્રા પોર્ટ – ગાંધીધામ (૬૬ કિમી), વિરમગામ–સામખ્યાલી (૧૮૨ કિમી), હજીરા – સુરત (૪૦ કિમી) અને ભરૂચ – દહેજ (૬૨ કિમી) નો સમાવેશ થાય છે.
- પીપાવાવ, કંડલા, મુન્દ્રા, હજીરા, પોરબંદર અને જામનગર બંદરો જેવા ખાનગી સાઈડિંગ્સ અને બંદરો સાથે રેલ જોડાણ વધારાની નિર્યાત–આયાતની તકો લાવશે.
- GCT નીતિ હેઠળ પાંચ કાર્ગો ટર્મિનલની ઓળખ કરવામાં આવી છે, જેમાં ન્યૂ પાલનપુર, ન્યૂ ગોથાણગામ, ન્યૂ ઉધના, ન્યૂ અંચેલી અને ન્યૂ પારડીનો સમાવેશ થાય છે. વધુમાં, ન્યુ શ્રી અમીરગઢ અને ન્યુ પાલનપુર ખાતે બે ગુડ્સ શેડ્સનું યોજના કરવામાં આવ્યું છે.
- ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર પર માલસામાનની હેરફેર કરીને વધારાની ક્ષમતા છોડવાને કારણે હાલની લાઈન પર વધુ પેસેન્જર ટ્રેનો દોડાવી શકાય છે.
- તે ગુજરાત અને અન્ય રાજ્યોમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપશે.

## મિશન રફ્તારઃ નવા ભારતને વેગ આપે છે




- મુંબઈ-સુરત-વડોદરા-દિલ્હી વિભાગ અને મુંબઈ-વડોદરા-અમદાવાદ વિભાગ પર ટ્રેનોની ગતિ વધારીને ૧૩૦ કિમી પ્રતિ કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત, આ ખંડો પર ગતિ વધારીને ૧૬૦ કિમી પ્રતિ કલાક કરવામાં આવશે.
- મિશન રફ્તારનો હેતુ ૧૬૦ કિમી પ્રતિ કલાકની મહત્તમ ઝડપે પેસેન્જર વહન કરતી ટ્રેનો ચલાવીને વ્યસ્ત માર્ગો પર મુસાફરીનો સમય ઘટાડવાનો છે.
- ૧,૫૨૫ કિલોમીટર લાંબી દિલ્હી-હાવડા અને ૧,૪૭૯ કિલોમીટર લાંબી દિલ્હી-મુંબઈ સેક્શનના કામો મિશન રફ્તાર હેઠળ ટ્રેનની મુસાફરીને ઝડપી બનાવવા માટે હાથ ધરવામાં આવી રહ્યા છે.








- મુંબઈ-દિલ્હી રૂટમાં, કુલ ૧૩૭૯ RKM, સમગ્ર રૂટનો લગભગ ૫૦% પશ્ચિમ રેલ્વે હેઠળ આવે છે, એટલે કે મુંબઈ સેન્ટ્રલથી નાગદા (૬૯૪ RKM)
- વડોદરા અને અમદાવાદ વિભાગ (૧૦૦ RKM)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે
- આ કાર્ય હાથ ધરવા માટે પશ્ચિમ રેલવેને ₹૩૯૫૦ કરોડનો વિગતવાર અંદાજ ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે.
- પશ્ચિમ રેલ્વે મુંબઈ-અમદાવાદ સેક્શન (ફેન્સીંગની આશરે લંબાઈઃ ૫૬૫ કિમી) પર ₹ ૨૨૬ કરોડના અંદાજિત ખર્ચે ઢોર અવરોધની ફેન્સીંગ દિવાલનું નિર્માણ કરી રહી છે. ભારતીય રેલ્વે પર ઢોરની દુર્ઘટનાના કિસ્સાઓને દૂર કરવા માટે આ પ્રકારની પ્રથમ પહેલ છે.
- ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપ વધારવા માટે જીઓ સેલનો ઉપયોગ કરીને બ્રિજ એપ્રોચને મજબૂત બનાવવાનું કાર્ય ૧૨૬ પુલો પર પૂર્ણ થઈ ગયું છે.
- પૂર્ણ થવાની લક્ષ્યાંક તારીખઃ **ઓગષ્ટ ૨૦૨૪**



## ક્ષમતામાં વૃદ્ધિ

- ૩૨ નવા પ્લેટફોર્મ્સની જોગવાઈ
- સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ૯૪ નવા પ્લેટફોર્મની જોગવાઈ
- ડબ્બાઓની સંખ્યા વધારવામાં અને મુસાફરોની અવરજવરમા સરળતામાં સહાયતા કરવા માટે ૧૯૫ પ્લેટફોર્મ્સની લંબાઈ અને ૨૪૧ પ્લેટફોર્મ્સની ઊંચાઈ વધારવામાં આવી છે
- નિયમિતતા અને સલામતીમાં વૃદ્ધિ સાથે સુધારેલ ટ્રેન સંચાલન માટે ૨૨૮ સ્ટેશનો પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમની જોગવાઈ
- ૧૯૧ કાયમી ગતિ પ્રતિબંધો સહિત ૧૮૦ ગતિશીલતા અવરોધોને દૂર કર્યા
- ૯૭ સ્ટેશનો પર સ્પીડ વધારવામાં આવી છે જેનાથી લગભગ ૪૪૦ મિનિટનો મુસાફરીના સમય માં બચત થઈ
- રાજકોટ – સુરેન્દ્રનગર ખંડ પર થાન સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકીંગની શરૂઆત સાથે, ગુજરાતમાં બ્રોડગેજ નેટવર્કમાંથી તબક્કાવાર રીતે નિકળી જતાં યાંત્રિક સિગ્નલિંગ સિસ્ટમનો યુગ સમાપ્ત થઈ ગયો છે




ડભોઈ જં. સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ

## સ્ટેશનો પર યાત્રી સુવિધાઓમાં સુધારો


૯૭ લિફ્ટ્સ કાર્યરત


૫૦ એસ્કેલેટર કાર્યરત

- ચાત્રીઓ, ખાસ કરીને વૃદ્ધો અને દિવ્યાંગજનો, ની સુવિધા માટે ૯૭ લિફ્ટ અને ૫૦ એસ્કેલેટર મૂકવામાં આવ્યા છે
- ૩૯ સ્ટેશનો પર બેબી ફીડિંગ કક્ષ આપવામાં આવ્યા છે
- વૃદ્ધો, દિવ્યાંગજનો અને બીમાર લોકો સીડી ચડ્યા વિના એક પ્લેટફોર્મ પરથી બીજા પ્લેટફોર્મ પર પહોંચી શકે તે માટે વડોદરા અને આણંદ સ્ટેટન્સમાં મોટરાઈઝ્ડ સ્ટેચર ક્લાઈમ્બર વ્હીલચેર આપવામાં આવી છે.
- મુંબઈ સેન્ટ્રલ – અહમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ અને અહમદાવાદ – એકતા નગર જનશતાબ્દી એક્સપ્રેસ માં વિસ્ટા ડોમ કોચ શરૂ કરવામાં આવ્યા છે
- મુંબઈ – નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ અને મુંબઈ – હઝરત નિઝામુદ્દીન ઓગસ્ટ ક્રાંતિ રાજધાની એક્સપ્રેસમાં તેજસ પ્રકારના સ્માર્ટ સ્લીપર કોચ શરૂ કરવામાં આવ્યા છે
- બિલિમોર – વાગ્ગાઈ હેરિટેજ વિભાગમાં એસી પ્રવાસી કોચ ની શુરૂઆત
- ગુજરાતની પ્રથમ સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન એકતા નગર અને અમદાવાદ વચ્ચે શરૂ કરવામાં આવી
- ઓનલાઈન પીઆરએસ ટિકિટ બુકિંગ માટે દિવ્યાંગ મુસાફરોને અનન્ય આઈડી કાર્ડ આપવામાં આવી રહ્યા છે
- ૫ સ્ટેશનો પર બેટરી સંચાલિત ગાડીઓ (કાર્ટ્સ) ની જોગવાઈ
- સુરત સ્ટેશન પર ઈમરજન્સી મેડિકલ રૂમ ઉપલબ્ધ
- રાજકોટ સ્ટેશન ખાતે રેસ્ટોરેન્ટ ઓન વ્હીલ્સ ખોલવામાં આવ્યું


વડોદરા સ્ટેશન પર મોટરાઈઝ્ડ વ્હીલ ચેર સ્ટેર ક્લાઈમ્બર


૩૭૧ રેમ્પ્સ કાર્યરત


અમદાવાદ સ્ટેશન પર IRCTC લાઉન્જ



૫ સ્ટેશનો પર બેટરી સંચાલિત ગાડીઓ (કાર્ટ્સ) ની જોગવાઈ

# સ્ટેશનો પર યાત્રી સુવિધાઓમાં સુધારો



ભક્તિનગર ખાતે નવી બુકિંગ ઓફિસ



વલસાડ સ્ટેશને નવીનીકૃત પ્રતીક્ષાલય



બીલીમોરા – વઘઈ ખંડ પર એસી ટુરિસ્ટ કોચ



૧૪૭ FOB કાર્યરત



૫૨૫ ટોઈલેટ બ્લોક્સ કાર્યરત



વીરપુર ખાતે દિવ્યાંગ ટોયલેટ બ્લોક

- ૨૦ પ્રતીક્ષાલય પ્રદાન / અપગ્રેડ
- ૫૬ નવા બુકિંગ કાર્યાલય ખોલવામાં આવ્યા છે
- ૧૬ સ્ટેશનો પર બહેતર રોશની પૂરી પાડવામાં આવી છે
- ૨૦૩ વોટર પ્યુરીફાયર આપવામાં આવ્યા છે

## સ્ટેશનો પર યાત્રી સુવિધાઓમાં સુધારો




૨૮૬ કવરશેડ બાંધકામ



નજરબાગ ખાતે ઉચ્ચ સ્તરીય પ્લેટફોર્મ



ચૂડા ખાતે પીએફનું વિસ્તાર



જૂનાગઢ ખાતે નવો વાતાનુકૂલિત વેઈટીંગ હોલ



૮૩ વેઈટીંગ રૂમ ની વ્યવસ્થા/અપગ્રેડ




૩૮૮૯ પીવાના પાણીના નળ ની વ્યવસ્થા

## યાત્રીઓની સુવિધાઓ માં વધારો

- ગાંધીધામ, ભુજ, ઉધના, વલસાડ કોચિંગ ડેપો અને મેમુ કાર શેડ, વડોદરા ખાતે સ્વચાલિત કોચ વૉશિંગ પ્લાન્ટ
- સુરત, કાંકરીયા અને  સાબરમતી કોચિંગ ડેપોમાં ટૂંક સમયમાં મૂકવામાં આવશે
- વલસાડ, સુરત, વડોદરા, અમદાવાદ, દાહોદ, રાજકોટ અને જામનગર સ્ટેશનો પર ક્વિક ટ્રેન વૉટરિંગ સિસ્ટમની જોગવાઈ



સુરત ખાતે ક્વિક ટ્રેન વૉટરિંગ પ્લાન્ટ



વડોદરા મેમુ કાર શેડમાં સ્વચાલિત કોચ વોશિંગ પ્લાન્ટ

## સુરક્ષામાં વધારો


RPF Personnel Monitoring at the Control Room

- વિડિયો સર્વેલન્સ સિસ્ટમ (VSS) હેઠળ સ્ટેશનો પર ૯૦૨ CCTV કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે જેમાંથી એકીકૃત સુરક્ષા પ્રણાલી હેઠળ સુરત સ્ટેશન પર ૮૫ કેમેરા અને અમદાવાદ સ્ટેશન પર ૧૦૨ કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે.
- ૧૪૩ આરપીએફના જવાનોને બોડી કેમેરા આપવામાં આવ્યા છે
- ૧૦ સેગવેઝ આરપીએફ જવાનોને આપવામાં આવ્યા છે
- સ્ટેશનો પર ૧૦ બેગેજ સ્કેનર્સ અને ૬૦ ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર્સ (DFMDs) આપવામાં આવ્યા છે.



## ડિજિટલ ટેક્નોલોજી સાથે આગેકૂચ







૩૨૧ સ્ટેશન પર વાઈ–ફાઈ સેવા પ્રદાન


ઈલેક્ટ્રોનિક ટ્રેન ચાર્ટિંગ ડિસ્પ્લે સિસ્ટમ

- ૩૨૧ સ્ટેશનો પર પ્રદાન કરવામાં આવેલ મફત વાઈ–ફાઈ સેવા
- ૩૧ સ્ટેશનો પર આરામ–કક્ષનું ઓનલાઈન બુકિંગ
- ૫૪ સ્ટેશનો પર કોચ માર્ગદર્શન પ્રણાલી અને ૪૦ સ્ટેશનો પર ટ્રેન ઈન્ડિકેટર બોર્ડ્સ આપવામાં આવ્યા છે
- યાત્રીઓની સુવિધા માટે અનેક હેલ્પલાઈન નંબરના સમન્વય/ઈન્ટેગ્રેશન સાથે, રેલ મદદ ઍપની શરૂઆત







- મોબાઈલ એપ પર યુટીએસ ડિજિટલ ટિકિટિંગને પ્રોત્સાહિત કરે છે, સ્વ–ટિકિટને પ્રોત્સાહન આપે છે અને પ્રવાસીઓને તેમના ઘરની સુવિધાથી ટિકિટ બુક કરાવવાની સુવિધા આપે છે.



# ગુડ્સ શેડ સુધારણા

## ૫ ગુડ્સ શેડમાં સુધારો થયો

❖ નડિયાદ ગુડ્ઝ શેડ ❖ રાજકોટ ગુડ્ઝ શેડ ❖ ગાંધીધામ ગુડ્સ શેડ
❖ આદ્રી રોડ ગુડ્ઝ શેડ ❖ વલસાડ ગુડ શેડ

## આ સુધારણાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું

❖ અભિગમ રસ્તાઓ ❖ પ્લેટફોર્મ સરફેસ ❖ લાઈટિંગ ❖ મજૂર સુવિધાઓ
❖ કવર શેડ રિપેર ❖ સર્ક્યુલેટિંગ એરિયા વગેરે



પહેલાં



પછી

ગાંધીધામ ગુડ્સ શેડ



પહેલાં



પછી

નડિયાદ ગુડ્ઝ શેડ



પહેલાં



પછી

વલસાડ ગુડ્ઝ શેડ

## માલવાહક ટ્રાફિક માટે નવા ટર્મિનલ્સ

### નવા ગુડ્સ શેડ

❖ બીલીમોરા ❖ કરમબેલે ❖ ઉધના ન્યૂ ગુડ્સ શેડ
❖ કપડવંજ ❖ ચંપાનેર ❖ છોટા ઉદેપુર ❖ મિયાગામ કરજણ
❖ દેશલપુર ❖ હિમ્મતનગર ❖ છારોડી ❖ ભાંડુ – મોટીદાઉ ❖ દેત્રોજ
❖ શીરવા ❖ ધોરાજી ❖ ગુમાનદેવ ❖ કાંસા ❖ વિંડ મિલ ❖ દુધખેડા ❖ નિયોલ ❖ શિહોરી

### નવી ખાનગી સાઈડિંગ્સ

❖ મેસર્સ HPCL, પિલોલ
❖ મેસર્સ ડોમેસ્ટીક કન્ટેનર ટર્મિનલ, ખોડીયાર ❖ મેસર્સ ઓરિએન્ટલ ફાઉન્ડ્રી પ્રાઈવેટ લિમિટેડ
❖ મેસર્સ ગેટવે રેલ ફ્રેટ લિ., વિરમગામ ❖ મેસર્સ પ્લાસ્સર ઈન્ડિયા પ્રા. લિ., લાકોદરા
❖ મેસર્સ લાફાર્જ સિમેન્ટ, ગંભીરી રોડ ❖ મેસર્સ જે.કે. સિમેન્ટ, ગંભીરી રોડ
❖ મેસર્સ NTPC, નિમરખેરી ❖ મેસર્સ વન્ડર સિમેન્ટ લિ., નરડાણા

### નવા ખાનગી માલવાહક ટર્મિનલ્સ

❖ મેસર્સ અડાણી ફોરવર્ડીંગ એજન્ટ પ્રા. લિ., સંજાણ
❖ મેસર્સ આહિર સૉલ્ટ અને એલાયડ પ્રોડક્ટ પ્રા. લિ., શીરવા
❖ મેસર્સ ટોટલ શિપિંગ અને લોજિસ્ટિક્સ પ્રા. લિ., ભાંકોદા
❖ મેસર્સ શિવ કેરીઅર્સ રોડવેઝ પ્રા. લિ., સુખપુર
❖ મેસર્સ હસ્તિ પેટ્રો કેમિકલ એન્ડ શિપિંગ લિ., સાણંદ
❖ મેસર્સ કૉંટિનેંટલ વેરહાઉસિંગ કોર્પોરેશન (ન્હાવાશેવા) લિ., જખવાડા
❖ મેસર્સ આર્યા ઓઈન લૉજિસ્ટિક્સ પાર્ક પ્રા. લિ., મિયાણા
❖ મે. KRIL, કોસાડ, ગોઠણગામ



જખવાડા ખાતે ખાનગી માલવાહક ટર્મિનલ

## પોર્ટ ટર્મિનલ

❖ મેસર્સ અડાણી બંદર વિશેષ આર્થિક ક્ષેત્ર, મુન્દ્રા
❖ મેસર્સ ગુજરાજ પિપાવાવ બંદર લિ. (GPPL), પિપાવાવ
❖ બેડી પોર્ટ, વિંડ મિલ ❖ ડ્રાય બલ્ક ટર્મિનલ કાંડલા (ટુના-ટેકરા), ગાંધીધામ





અદાણી બંદર વિશેષ આર્થિક ક્ષેત્ર, મુન્દ્રા

## ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ

❖ મેસર્સ કોન્કોર, વરણામા (વડોદરા)
❖ મેસર્સ નવકાર કોર્પોરેશન લિમિટેડ, વઘારવા ❖ મેસર્સ કોનકોર, દહેજ
❖ મેસર્સ લીપ એગ્રી લોજિસ્ટિક્સ (પીપાવાવ) લિ., લીલીયા મોતા
❖ મેસર્સ મારુતિ સુઝુકી લિ., બેચરાજી
❖ મેસર્સ આર્ય મલ્ટીલોજિસ્ટિક્સ પ્રાઈવેટ લિમિટેડ, સુરબારી
❖ મેસર્સ પેગાસસ ઈનલેન્ડ કન્ટેનર ડેપો, નામલી
❖ મેસર્સ અડાણી લોજિસ્ટિક્સ લિ., વિરોચન નક્ષર
❖ મે. લીપ એગ્રી લોજિસ્ટીક (બરોડા) પ્રા. લિ., કાયાવરોહણ (વડોદરા)
❖ મે. વન્ડર સિમેન્ટ લિ., ટિમ્બા રોડ



કોન્કોર, ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ, વરણામા

## રેલ પોસ્ટ ગતિ શક્તિ એક્સપ્રેસ સેવા

Rail Post Gati Shakti Express Service

પીએમ ગતિ શક્તિ પ્રોજેક્ટને મોટા પ્રોત્સાહનરૂપે, ભારતીય રેલ્વેએ ઈન્ડિયા પોસ્ટના સહયોગથી સુરત સ્ટેશન પર પાર્સલ ગ્રાહકોને એન્ડ ટુ એન્ડ લોજિસ્ટિક્સ સેવા પૂરી પાડવા માટે રેલ પોસ્ટ ગતિ શક્તિ એક્સપ્રેસ સર્વિસની નવી પહેલ શરૂ કરી છે.

- ભારતીય રેલ્વે પર આ પ્રકારનો સૌપ્રથમ અને સુરત સ્ટેશનથી ઉપડતી ટ્રેન ક્ર. ૧૯૦૪૫ તાપ્તી ગંગા એક્સપ્રેસ પર પાયલોટ પ્રોજેક્ટ તરીકે પ્રારંભ થયો.
- પાર્સલ ગ્રાહકોને અદ્યતન સુરક્ષા અને ટ્રેકિંગ સુવિધા સાથે ડોર ટુ ડોર ડિલિવરીનો અનુભવ પ્રદાન કરવામાં મદદ કરશે.
- સુરત સ્ટેશન પરના પાર્સલ શેડને એરપોર્ટ કાર્ગો ટર્મિનલ પર ઉપલબ્ધ હોય તેવી જ રીતે કેસ્ટર બેડસ, કન્વેયર બેલ્ટ્સ જેવી અદ્યતન સુવિધાઓ સાથે સુધારેલ છે.
- કન્સાઈનમેન્ટ બોક્સની સરળ અવરજવર માટે પાર્સલ વેનમાં કેસ્ટર બેડસ પણ ફીટ કરવામાં આવી છે.
- આ ટપાલ વિભાગની પાર્સલ વેનથી ટ્રેનની પાર્સલ વેનમાં માલસામાનના સરળ અને ઝડપી પરિવહનમાં મદદ કરશે.
- રેલ પોસ્ટ ગતિ શક્તિ એક્સપ્રેસ કાર્ગો સેવાના નેજા હેઠળ જોઈન્ટ પાર્સલ પ્રોડક્ટ (JPP) પહેલના વિસ્તરણના ભાગરૂપે, નીચેના રૂટ પર વધુ ટ્રેનોનું આયોજન કરવામાં આવ્યું હતું:
  - સુરત – નારાયણપુર અનંત
  - સુરત/ચલથાન – કાનપુર/નકહા જંગલ







## નૂર માં પ્રાપ્ત સિદ્ધિઓ




- પશ્ચિમ રેલ્વેએ નાણાંકિય વર્ષ ૨૦૨૩–૨૪ માં ૧૦૫ મિલિયન ટન લોડીંગ પ્રાપ્ત કર્યું છે. આની સાથે, પશ્ચિમ રેલ્વેએ ૧૦૦ મિલિયન ટન ક્લબમાં રહેલ વૈવિધ્યસભર ફ્રેઈટ બાસ્કેટ સહિતની પ્રથમ બીન–કોલસા બેલ્ટ ઝોનલ રેલવે તરીકેની વિશેષ યોગ્યતા જાળવી રાખી છે.
- પશ્ચિમ રેલવેના કુલ માલભાડું લોડિંગમાં ગુજરાતનો હિસ્સો લગભગ ૮૦% છે
- પશ્ચિમ રેલ્વેના માલભાડું ટ્રાફિકનો મોટો હિસ્સો ગુજરાત રાજ્યમાંથી જનરેટ થાય છે, ખાસ કરીને રાજ્યમાં સ્થિત ઘણા બંદરો પરથી
- ઉન્નત માળખાકીય વિકાસ અને ડીએફસી ફીડર રૂટના મજબૂતીકરણ સાથે, પશ્ચિમ રેલ્વેએ નૂરના ઝડપી અને આર્થિક પરિવહનને સક્ષમ બનાવ્યું છે
- વિદ્યમાન અને સંભવિત ગ્રાહકો સુધી વધુ સારી રીતે પહોંચવા માટે બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ્સની સ્થાપના કરવામાં આવી છે અને કસ્ટમાઈઝ્ડ પેકેજો સાથે આવે છે
- પરંપરાગત રીતે રોડ પરિવહન દ્વારા કરવામાં આવતી ચીજવસ્તુઓ રેલવે તરફ આકર્ષિત કરવી
- વ્યવસાય વિકાસ એકમોએ બાંગ્લાદેશ માટે બુક કરાયેલા માલ સાથે બે માલવાહક ટ્રેનો સાથે રચ્યો ઈતિહાસ
- ઈ – કોમેર્સ દિગ્ગજોએ તેમના પાર્સલના પરિવહન માટે રેલ્વે સાથે ભાગીદારી કરી છે

## ચીજવસ્તુઓનું પરિવહન

❖ ડુંગળી, ખાદ્ય તેલ, માછલી ❖ જંતુનાશકો ❖ સેન્દ્રિય ખાતર ❖ કાપડની સામગ્રી
❖ રાસાયણિક રંગો ❖ ઓટો પાર્ટસ્ ❖ હાર્ડવેર વસ્તુઓ ❖ કિચનવેર



પાર્સલ ટ્રેનોમાં આવશ્યક ચીજવસ્તુઓનું લોડિંગ અને માલ અને કન્ટેનરનું પરિવહન

# ગુજરાતની પ્રગતિ સાથે નિરંતર આગળ વધી રહ્યા છીએ

## સ્વચ્છ રેલ – સ્વચ્છ ભારત પહેલ

- ડાકોર, બજરંગપુરા, ખંડેરી, બજુદ, આમ્બલી રોડ અને સદાનાપુરા સ્ટેશનોને ગ્રીન સ્ટેશનો તરીકે જાહેર કરવામાં આવ્યા છે
- પશ્ચિમ રેલવે ના બધા ટ્રેનોમાં બાયો-ટોઈલેટ્સ સ્થાપિત
- ગ્રીન રેટિંગ પ્રમાણપત્રઃ અમદાવાદ - પ્લેટિનમ રેટિંગ અને વડોદરા - ગોલ્ડ રેટિંગ
- ઑન-બોર્ડ હાઉસકીપિંગ સર્વિસ (OBHS) ની સુવિધા ૬૩ ટ્રેનોમાં પૂરી પાડવામાં આવી છે
- ૩૮ સ્ટેશનો પર ૬૦ પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનો બેસાડવામાં આવ્યા છે
- ૧૦૮ સ્ટેશનો પર સફાઈનો કોન્ટ્રાક્ટ અપાયો

## ગો ગ્રીન ઈકો ફ્રેન્ડલી પહેલ દ્વારા પર્યાવરણની રક્ષા

- બધા સ્ટેશનો પર LED બલ્બસ્ પ્રદાન કરવામાં આવ્યા છે
- ગાંધીધામ, વડોદરા અને અમદાવાદ સ્ટેશનો પર રિસાયકલ પ્લાસ્ટિક બેંચ
- ૨૪૭૩.૬૧ kWp ક્ષમતાના સોલાર પ્લાન્ટ્સ અને ૩.૬૯ મેગાવોટ રૂફ ટોપ સોલાર પેનલ્સની સ્થાપના
- દાહોદ, ગાંધીધામ, ભરૂચ સ્ટેશન, પ્રતાપનગર વર્કશોપ અને ડીઆરએમ ઓફિસ, અમદાવાદ ખાતે સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સ્થાપના
- પ્રતાપનગર, ભુજ અને કાંકરીયા કોચિંગ ડેપો ખાતે વૉટર રિસાયકિંલગ પ્લાન્ટ્સની સ્થાપના
- પ્રતાપનગર, વડોદરા ખાતે બાયો ડિગ્રેડેબલ સોલિડ વેસ્ટ અને બાયોટેક વર્મી કમ્પોસ્ટિંગની સ્થાપના
- રાજકોટ, વડોદરા, ગાંધીધામ, અમદાવાદ અને પ્રતાપનગર રેલવે કૉલોની ખાતે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટની સ્થાપના
- અમદાવાદ અને ધ્રાંગધ્રા રનિંગ રૂમ્સ અને ભાવનગરમાં પણ કમ્પોસ્ટિંગ મશીનોની સ્થાપના
- અમદાવાદ સ્ટેશનને ક્લિન ટ્રેન સ્ટેશન તરીકે નામાંકિત
- સાબરમતી સ્ટેશન પર રિસાયકલ કરેલ વેસ્ટ મટિરિયલથી બનેલું મૉડેલ ગ્રીન ટોઈલેટ
- ૩૮.૯૪ લાખથી વધુ વૃક્ષારોપણ
- અમદાવાદ, વડોદરા, મકરપુરા, ઉતરાણ, ડભોઈ, કરમસદ, ખરસલિયા, રણોલી અને મોડાસા સ્ટેશનો પર ઈલેક્ટ્રિક વાહન (ઈવી) ચાર્જિંગ સ્ટેશન સ્થાપવામાં આવ્યા છે.
- વિવિધ સ્થળોએ ૪૬ સં. નેચરલ વોટર કુલર લગાવવામાં આવ્યા છે



રાજકોટ ખાતેના સોલર પ્લાન્ટ્સ



મકરપુરા સ્ટેશન ખાતે LED લાઈટ્સ સ્થાપિત



PRS કાઉન્ટર પર યાંત્રિક સફાઈ

## આત્મનિર્ભાર ભારત

- ગુજરાતની રેલ્વે હોસ્પિટલોમાંકુલ ₹ ૩.૮૦ કરોડના ખર્ચે ૨૧૩૦ LPM ની કુલ ક્ષમતા સાથે પાંચ PSA ઓક્સિજન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. હવે પીએસએ ઓક્સિજન પ્લાન્ટની સ્થાપના સાથે,દાહોદ, વડોદરા, ભાવનગરપરા, રાજકોટ અને અમદાવાદની વિભાગીય હોસ્પિટલો તેમની જરૂરિયાતો માટે ઓક્સિજન ના ઉત્પાદનમાં આત્મનિર્ભર છે.
- રેબવે કર્મચારીઓ, તેમના પરિવારો તેમજ સામાન્ય લોકો માટે રેલવે હોસ્પિટલોમાં કોવિડ રસીકરણ અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ .
- ૯ રાજ્યોમાં લગભગ ૯૨૦૦ ટન લિક્વિડ મેડિકલ ઓક્સિજનનું પરિવહન કરતી ૧૦૦ થી વધુ ઓક્સિજન એક્સપ્રેસ ટ્રેનો ચલાવવામાં આવી હતી.



વલસાડ સ્ટેશન પર લગાવવામાં આવેલા રસીકરણ
કેમ્પમાં રસીકરણ કરાવતા મુસાફરો







## કોવિડ –૧૯ સામેની લડતમાં સક્રિય પ્રયાસો














સાબરમતી અને ચાંદલોડિયા સ્ટેશન પર કોવિડ –૧૯ દર્દીઓની સારવાર માટે કોવિડ કેર આઈસોલેશન કોચ મુકવામાં આવ્યા છે

## મહામારી સામે લડાઈ

### શ્રમિક સ્પેશિયલ્સ ટ્રેનોંઃ–મિશન ઘરવાપસી

- માનવીય આધારો પર રેલવેએ શ્રમિકને તેમના વતન સુધી લઈ જવા માટે શ્રમિક સ્પેશલ ટ્રેનો શરૂ કરી
- ગુજરાતથી ૧૦૨૬ શ્રમિક સ્પેશલ્સ ટ્રેનો ચલાવવામાં આવી
- ૧૫.30 લાખ શ્રામિકોને 3૪ સ્ટેશનોથી તેમના વતનમાં લઈ જવામાં આવ્યા છે
- શ્રમિક સ્પેશિયલ્સ ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ, છત્તીસગડ સહિતના ૨૪ રાજ્યોને જોડે છે
- ૧૫0 થી વધુ શહેરો અને નગરોનું જોડાણ
- એનજીઓ અને રેલ્વે કર્મચારીઓની સક્રિય ભાગીદારી સાથે ટ્રેનો અને સ્ટેશનો પર ૭ લાખથી વધુ લોગો ને ભોજન પીરસવામાં આવ્યું છે








માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પ્રતાપનગર – કેવડિયા રેલ પરિયોજનાનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કર્યું અને દેશના વિવિધ ભાગોમાંથી ૮ ટ્રેનોને લીલી ઝંડી દર્શાવીને રવાના કરી



માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અસારવા ખાતે અસારવા – ઉદયપુર એક્સપ્રેસના ઉદ્‌ઘાટન સેવાને લીલી ઝંડી બતાવીને રવાના કરી




કેવડિયા સ્ટેશનના શિલારોપણ સમારંભમાં ભારત ના તતકાલીન માનનીય રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદ અને
ગુજરાતના તતકાલીન માનનીય રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલી




અમદાવાદ–મુંબઈ હાઈ સ્પીડ (ઝડપી વેગ) રેલ પરિયોજનાના ભૂમિ પૂજન સમારોહમાં
માનનીય વડા પ્રધાન, શ્રી નરેન્દ્ર મોદી અને જાપાનના તતકાલીન વડા પ્રધાન, શ્રી શિન્ઝો આબે

# ગુજરાતની પ્રગતિ સાથે નિરંતર આગળ વધી રહ્યા છીએ



માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગર રેલવે સ્ટેશનના પુનર્વિકાસ પરિયોજનાનો શિલારોપણ કરતા




માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઘણી નવી રેલ પરિયોજનાઓ એટલે કે નવા પુનઃવિકાસિત ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશન, વડનગર સ્ટેશન સહિત ગેજ રૂપાંતરિત સહ વીજળીકૃત મહેસાણા – વરેઠા લાઇન, નવા વીજળીકૃત સુરેન્દ્રનગર – પીપાવાવ વિભાગ રાષ્ટ્રને સમર્પિત કર્યા, અને ગાંધીનગર કેપિટલથી બે નવી ટ્રેનોને લીલી ઝંડી બતાવીને રવાના કરી.




માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં અમદાવાદ ખાતેના સમારોહમાં શિલાન્યાસ કર્યું, ઘણી નવી રેલવે પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરી અને ૧૦ નવી વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી દેખાડી રવાના કરી



માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં અમદાવાદ ખાતે ઘણી નવી રેલવે પરિયોજનાઓના શિલાન્યાસ દરમિયાન ડેડિકેટેડ ફ્રેઈટ કોરીડોર, અમદાવાદના ઓપરેશનલ કન્ટ્રોલ સેન્ટર (OCC) ની મુલાકાત લીધી

# સબળ અને અદ્યતન ટેક્નોલોજી સાથે ઉજ્વલ ભવિષ્ય તરફ અગ્રેસર




रेल बढ़े देश बढ़े
rail badhe desh badhe

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

## ભારતીય રેલ